**Shikshan Sanshodhan : Journal of Arts, Humanities and Social Sciences** ISSN: 2581-6241 Volume - 3, Issue - 6, Nov-Dec – 2020
Bi-Monthly, Peer-Reviewed, Refereed, Indexed Journal Impact Factor: 3.589
Received on : 28/10/2020 Accepted on : 14/11/2020 Publication Date: 30/11/2020

# ઉચ્ચ પ્રાથમિક શાળાના બાળકો માટે નૈતિક્તા કસોટીના કેટલાક ચલોના સંદર્ભમાં અભ્યાસ

**રામસિંગભાઈ એ. ગામીત**
રીસર્ચ સ્કોલર, શિક્ષણ વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત
ઇ-મેઈલ : ramsinggamit@gmail.com

**સારાંશ:** પ્રસ્તુત અભ્યાસનો હેતુ ઉચ્ચ પ્રાથમિક શાળાના બાળકો માટે નૈતિક્તા કસોટીના કેટલાક ચલોના સંદર્ભમાં અભ્યાસ કરવાનો હતો. આ અભ્યાસમાં 63 બાળકો નમૂના તરીકે પસંદ કરવામાં આવેલ હતા. પ્રસ્તુત અભ્યાસમાં સર્વેક્ષણ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. આ અભ્યાસમાં ઉપકરણ તરીકે સ્વરચિત નૈતિકતા કસોટીની રચના કરવામાં આવી હતી. માહિતીના પૃથ્થકરણ માટે ટી-કસોટીની ગણતરી કરવામાં આવી હતી.

**ચાવીરૂપ શબ્દો:** ઉચ્ચ પ્રાથમિક, નૈતિક્તા, શિક્ષણ, કસોટી.

## 1. પ્રસ્તાવના:

આ વિશ્વમાં કશું જ કાયમી નથી. એક જ વસ્તુ કાયમી છે અને તે છે પરિવર્તન. પરિવર્તનની આ પ્રક્રિયા ક્યારેય અટકી નથી અને ક્યારેય અટકવાની પણ નથી. સમયની સાથે દરેક ક્ષેત્રમાં પરિવર્તન આવી રહ્યા છે. તો શિક્ષણ ક્ષેત્ર એમાંથી કઇ રીતે બાકાત રહી શકે. સાથે નવા નવા સંશોધનો પણ થઇ રહ્યાં છે. આ ખૂબ સારી વાત છે. પરંતુ આજે માનવજાતિ માટે એક દુર્ભાગ્યની વાત એ છે કે વ્યવહારમાં નૈતિક શિક્ષણને વિશેષ મહત્વ નથી અપાયું. તેને લીધે આપણા પાઠ્યપુસ્તકમાં નૈતિક શિક્ષણને એટલું બધું સ્થાન પણ નથી મળ્યું. પ્રશ્ન થાય છે કે, નૈતિક શિક્ષણનું સ્વરૂપ કેવું હોવું જોઇએ? આજે ધર્મગ્રંથોને આધારે નૈતિક શિક્ષણને અસરકારક ન બનાવી શકાય. આજે પરિસ્થિતિ બદલાઇ ગઇ છે ત્યારે નૈતિક શિક્ષણને પાઠ્યપુસ્તકમાં સામેલ કરવામાં આવે અને વિજ્ઞાન તેમજ અન્ય વિષયોની જેમ મહત્વ અપાઇ તે સમયની માંગ છે.

આવા સંજોગોમાં સૌપ્રથમ ઘરથી બાળકોને નૈતિક બનાવવાની પહેલ થવી જોઇએ. વિદ્યાર્થીના જીવનમાં ઘરની સાથે સાથે શાળા અને શિક્ષકનો મોટો ફાળો રહ્યો છે. વિદ્યાર્થીએ કેવી રીતે વાતો કરવી જોઇએ. કેવી રીતે ઊઠવું બેસવું જોઇએ કેવું વર્તન કરવું જોઈએ. આ બધી નાની વાતો છે પણ વિદ્યાર્થી જીવનમાં તેનું ખૂબ મહત્ત્વ છે કારણ કે વિદ્યાર્થીએ સમાજ રહેવાનું છે અને શિક્ષણ તો સમાજની એક પેટા પદ્ધતિ છે. ત્યારે પ્રાથમિક શાળાના બાળકો માટેની નૈતિકતા જાણવી ખૂબ જરૂરી બની રહે છે. આથી પ્રાથમિક શાળાના બાળકોની નૈતિક્તા પર અસર કરતા ચલોની અસર તપાસવાના વિચારથી પ્રેરાયને સંશોધકે પ્રસ્તુત અભ્યાસ હાથ ધરવાનું નક્કી કર્યું હતુ.

## 2. સમસ્યા કથન:

ઉચ્ચ પ્રાથમિક શાળાના બાળકો માટે નૈતિક્તા કસોટીના કેટલાક ચલોના સંદર્ભમાં અભ્યાસ

## 3. અભ્યાસમાં સમાવિષ્ટ ચલો:

પ્રસ્તુત અભ્યાસમાં સમાવિષ્ટ સ્વતંત્ર ચલ અને પરતંત્ર ચલ નીચે મુજબ દર્શાવ્યા હતા.

| ક્રમ | સ્વતંત્ર ચલ | ચલની કક્ષા |
|---|---|---|
| 1 | જાતિયતા | કુમાર<br>કન્યા |
| 2 | ધોરણ | ધોરણ-7<br>ધોરણ-8 |

પરતંત્ર ચલ

ઉચ્ચ પ્રાથમિક શાળાના બાળકોએ મેળવેલ નૈતિક્તા કસોટી પરના પ્રાપ્તાંકો.

## 4. અભ્યાસના હેતુઓ:

પ્રસ્તુત અભ્યાસના હેતુઓ નીચે મુજબ હતા.

- ઉચ્ચ પ્રાથમિક શાળાના બાળકો માટે નૈતિક્તા કસોટીની રચના કરવી.
- ઉચ્ચ પ્રાથમિક શાળાના બાળકો માટે રચેલ નૈતિકતા કસોટી પરના પ્રાપ્તાંકો પર જાતીયતાની અસર તપાસવી.
- ઉચ્ચ પ્રાથમિક શાળાના બાળકો માટે રચેલ નૈતિકતા કસોટી પરના પ્રાપ્તાંકો પર ધોરણની અસર તપાસવી.

**5. અભ્યાસનું મહત્ત્વ:**

પ્રસ્તુત અભ્યાસનું મહત્ત્વ નીચે મુજબ હતું.

- ઉચ્ચ પ્રાથમિક શાળાના બાળકોની નૈતિકતા સંદર્ભે જાણી શકાશે.
- પ્રસ્તુત અભ્યાસ દ્વારા ઉચ્ચ પ્રાથમિક શાળાના બાળકોની નૈતિકતા કસોટી પર જાતિયતા અને ધોરણના ચલની અસર જાણી શકાશે.
- પ્રસ્તુત અભ્યાસના પરિણામ સ્વરૂપે ઉચ્ચ પ્રાથમિક શાળાના બાળકોની નૈતિકતા કસોટીના માપન માટે ગુજરાતી ભાષામાં ઉપકરણ પ્રાપ્ત બનશે.
- પ્રસ્તુત અભ્યાસ શિક્ષક અને વિદ્યાર્થી બંને માટે ઉપયોગી નીવડશે.
- પ્રસ્તુત અભ્યાસ ભાવી અભ્યાસકો માટે માર્ગદર્શક પુરવાર થશે.

**6. અભ્યાસની ઉત્કલ્પના:**

પ્રસ્તુત અભ્યાસમાં સંશોધક દ્વારા નીચે મુજબની ઉત્કલ્પનાઓ રચવામાં આવેલ હતી.

H01 ઉચ્ચ પ્રાથમિક શાળાઓના કુમારો અને કન્યાઓની નૈતિકતા કસોટી પરના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં.

H02 ઉચ્ચ પ્રાથમિક શાળાના ધોરણ-7 અને ધોરણ-8ના બાળકોની નૈતિક્તા કસોટી પરનાં પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

H03 ઉચ્ચ પ્રાથમિક શાળાના ધોરણ-7ના કુમારો અને કન્યાઓની નૈતિક્તા કસોટી પરના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

H04 ઉચ્ચ પ્રાથમિક શાળાના ધોરણ-8ના કુમારો અને કન્યાઓની નૈતિક્તા કસોટી પરના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

H05 ઉચ્ચ પ્રાથમિક શાળાના ધોરણ-7 અને ધોરણ-8ના કુમારોની નૈતિક્તા કસોટી પરના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

H06 ઉચ્ચ પ્રાથમિક શાળાના ધોરણ-7 અને ધોરણ-8ના કન્યાઓની નૈતિક્તા કસોટી પરના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

**7. અભ્યાસની મર્યાદાઓ:**

- પ્રસ્તુત અભ્યાસ તાપી જિલ્લાના ઉચ્છલ તાલુકાની સરકારી પ્રાથમિક શાળા વડદેખૂર્દના ધોરણ-7 ધોરણ-8ના બાળકો પૂરતું જ મર્યાદિત કરવામાં આવ્યું હતું.
- પ્રસ્તુત અભ્યાસ શૈક્ષણિક વર્ષ 2020-21ના ઉચ્ચ પ્રાથમિક શાળાના બાળકો પૂરતું જ મર્યાદિત હતું.
- પ્રસ્તુત અભ્યાસ સંશોધક દ્વારા સ્વરચિત નૈતિકતા કસોટીની રચના કરેલ હોવાથી સંશોધકની મર્યાદા પણ હોય શકે.

**8. વ્યાપવિશ્વ અને નમૂના પસંદગીની રીત:**

**વ્યાપવિશ્વ**

તાપી જિલ્લાના ઉચ્છલ તાલુકાની પ્રાથમિક શાળા વડદેખૂર્દના (ધોરણ-6થી 8)ના તમામ બાળકો પ્રસ્તુત અભ્યાસનું વ્યાપવિશ્વ બને છે.

**નમૂનાનું કદ**

પ્રસ્તુત અભ્યાસમાં નમૂના તરીકે સરકારી પ્રાથમિક શાળા વડદેખૂર્દના ધોરણ-7ના 30 વિદ્યાર્થીઓ અને ધોરણ-8ના 30 વિદ્યાર્થીઓ એમ કુલ 60 વિદ્યાર્થીઓને નમૂના તરીકે પસંદ કરવામાં આવ્યા હતા.

**નમૂના પસંદગીની રીત**

પ્રસ્તુત અભ્યાસમાં પ્રાથમિક શાળા વડદેખૂર્દની પસંદગી સાનુકૂળ નમૂના પદ્ધતિથી અને વિદ્યાર્થીઓની પસંદગી ઝૂમખા પદ્ધતિથી કરવામાં આવેલ હતી.

**નમૂનામાં બાળકોની સંખ્યા દર્શાવતી સારણી**

| ક્રમ | શાળાનું નામ | વિદ્યાર્થીઓ | | | કુલ |
|---|---|---|---|---|---|
| | | ધોરણ | કુમાર | કન્યા | |
| | | ધોરણ-7 | 19 | 19 | 38 |
| 1 | પ્રાથમિક શાળા વડદેખૂર્દ | ધોરણ-8 | 12 | 13 | 25 |
| | | કુલ | 31 | 32 | 63 |

**9. અભ્યાસની પદ્ધતિ:**
પ્રસ્તુત અભ્યાસમાં ઉચ્ચ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓની નૈતિકતા જાણવાની હોવાથી સર્વેક્ષણ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

**10. ઉપકરણની સંરચના:**
પ્રસ્તુત અભ્યાસમાં સંશોધક દ્વારા સ્વરચિત નૈતિકતા કસોટીની રચના કરવામાં આવી હતી. કસોટીમાં રચાયેલા પ્રશ્નોના ચાર વિકલ્પો આપવામાં આવ્યા હતા. બાળકોને જે વિકલ્પ યોગ્ય લાગે તે વિકલ્પની સામે ખરા(√)ની નિશાની કરવાની હતી.

**11. માહિતી એકત્રીકરણ**
પ્રસ્તુત અભ્યાસમાં સંશોધકે માહિતી એકત્રીકરણ માટે નૈતિકતા કસોટીની રચના કરી હતી. આ માટે સંશોધકે સૌપ્રથમ શાળાના આચાર્યની મંજૂરી મેળવી કોવિડ-19ની પરિસ્થિતિને કારણે બાળકો પાસે ઘરે ઘરે જઇ કસોટીમાં પ્રતિચારો મેળવ્યા હતા.

**12. માહિતીનું પૃથક્કરણ:**
માહિતી પૃથક્કરણ એ સંશોધન કાર્યનું એક મહત્ત્વનું પાસું છે જે માહિતી એકત્ર કરવામાં આવી હોય તેનું પૃથક્કરણ કરવું આવશ્યક બની જાય છે.
પ્રસ્તુત અભ્યાસમાં સંશોધકે માહિતીનું પૃથક્કરણ કરવા માટે ટી-ટેસ્ટનો ઉપયોગ કરેલ હતો.

**13. અભ્યાસના તારણો :**
- પ્રાથમિક શાળામાં કુમારો અને કન્યાઓ વચ્ચેની નૈતિકતા કસોટીમાં અર્થસૂચક જાતિયતા ભેદ મળ્યો હતો. જેમાં કન્યાઓની સરાસરી કુમારોની સરાસરી કરતાં વધુ હતી. તેથી કન્યાઓની નૈતિકતા કુમારોની નૈતિકતા કરતાં ઊંચી જોવા મળી હતી.
- પ્રાથમિક શાળામાં ધોરણ-7ના બાળકો અને ધોરણ-8ના બાળકો વચ્ચે નૈતિકતામાં અર્થસૂચક તફાવત જોવા મળ્યો હતો. જેમાં ધોરણ-8ના બાળકોની સરાસરી ધોરણ-7ના બાળકોની સરાસરી કરતાં વધુ હતી. તેથી ધોરણ-8ના બાળકોની નૈતિક્તા ધોરણ-7ના બાળકો કરતાં ઊંચી જોવા મળેલ હતી.
- પ્રાથમિક શાળામાં ધોરણ-7ના કુમારો અને ધોરણ-7ની કન્યાઓ વચ્ચે નૈતિક્તામાં પણ અર્થસૂચક ભેદ હતો જેમાં ધોરણ-7ની કન્યાઓની સરાસરી ધોરણ-7ના કુમારોની સરાસરી કરતાં વધારે હતી. તેથી ધોરણ-7ની કન્યાઓની નૈતિકતા ધોરણ-7ના કુમારો કરતાં ઊંચી જોવા મળી હતી.
- પ્રાથમિક શાળામાં ધોરણ-8ના કુમારો અને ધોરણ-8ની કન્યાઓ વચ્ચે નૈતિક્તામાં પણ અર્થસૂચક તફાવત જોવા મળ્યો હતો જેમાં ધોરણ-8ની કન્યાઓની સરાસરી ધોરણ-8ના કુમારોની સરાસરી કરતાં વધારે હતી. તેથી ધોરણ-8ની કન્યાઓની નૈતિકતા ધોરણ-8ના કુમારો કરતાં ઊંચી જોવા મળે છે.
- પ્રાથમિક શાળાના ધોરણ-7ના કુમારો અને ધોરણ-8ના કુમારો વચ્ચેની નૈતિકતામાં ભેદ હતો. જેમાં ધોરણ-8ના કુમારોની સરાસરી ધોરણ-7ના કુમારો કરતાં વધારે છે. તેથી ધોરણ-8ના કુમારોની નૈતિકતા ધોરણ-7ના કુમારો કરતાં ઊંચી જોવા મળી હતી.
- પ્રાથમિક શાળાના ધોરણ-7ની કન્યાઓ અને ધોરણ-8ની કન્યાઓ વચ્ચેની નૈતિકતામાં અર્થસૂચક ભેદ છે. જેમાં ધોરણ-8ની કન્યાઓની સરાસરી ધોરણ-7ની કન્યાઓ કરતાં વધુ છે. તેથી ધોરણ-8ની કન્યાઓની નૈતિકતા ધોરણ-7ની કન્યાઓ કરતાં ઊંચી જોવા મળે છે.

**સંદર્ભસૂચિ:**
૧. ઉચાટ,ડી.એ.(૨૦૦૯). શિક્ષણ અને સામાજિક વિજ્ઞાનોમાં સંશોધનનું પદ્ધતિશાસ્ત્ર. રાજકોટ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી.
૨. શાહ દિપીકાબેન, (૨૦૦૯). શૈક્ષણિક સંશોધન. અમદાવાદ : પ્રમુખ પ્રકાશન.
3. https://www.merriam-webster.com/dictionary/standard
૪. દેસાઇ, એચ. જી. અને દેસાઇ, કે. જી. (૧૯૯૪). મનોવૈજ્ઞાનિક માપન (તૃતીય આવૃત્તિ). અમદાવાદ : યુનિવર્સિટી ગ્રંથ નિર્માણબોર્ડ, ગુજરાત રાજ્ય.